ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૮/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરે કેન્દ્રીય એમએસએમઇ મંત્રી શ્રી નીતિન ગડકરીને સુરતમાં ખાદી ઉદ્યોગના પ્રોત્સાહન માટે સાનુકુળ વાતાવરણ પુરુ પાડવા આશ્વાસન આપ્યું

સુરતઃ મુંબઇ ખાતે ધી સેન્ટ રેગીસ હોટેલમાં તા. ૨૭ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સવારે ખાદીને વૈશ્વિક સ્તરે પ્રમોટ કરવા માટે 'ગ્લોબલાઇઝીગ ધી બ્રાન્ડ ખાદી – ધી પ્રાઇડ ઓફ ઇન્ડીયા' બિઝનેસ સમિટ યોજાઇ હતી. જેમાં ભારત સરકારના કેન્દ્રીય માર્ગ – પરિવહન તેમજ માઇક્રો, મીડિયમ અને સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રી (એમએસએમઇ)ના માનનીય કેબીનેટ મંત્રી શ્રી નીતિન ગડકરી, એમએસએમઇના રાજય કક્ષાના મંત્રી શ્રી પ્રતાપ ચંદ્ર સારંગી અને એમએસએમઇ મંત્રાલયના સચિવ ડો. અરૂણ કુમાર પાંડા ઉપસ્થિત રહયા હતા. આ સમિટનું ઉદ્દ્ઘાટન માનનીય કેબીનેટ મંત્રી શ્રી નીતિન ગડકરીના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

બિઝનેસ સમિટ બાદ એક ખાસ મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બિરલા, રેમન્ડ્સ જેવી દેશની પંદરેક અગ્રણી કંપનીઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહયા હતા. આ મિટીગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ પણ હાજર રહયા હતા. માનનીય કેબીનેટ મંત્રી શ્રી નીતિન ગડકરીએ વિવિધ કંપનીઓના પ્રતિનિધીઓને સંબોધન કરી ખાદીને વૈશ્વિક સ્તરે પ્રમોટ કરવા તેમજ ખાદી ઉદ્યોગના કલસ્ટર ડેવલપ કરવા માટે અપીલ કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ મંત્રીશ્રીને જણાવ્યુ હતુ કે, સુરત સહિત દક્ષિણ ગુજરાત ટેક્ષ્ટાઇલ અને એમએસએમઇના હબ તરીકે જાણીતું છે. સુરતમાં જ પ્રથમ સોલાર ચરખાની પણ શોધ કરવામાં આવી હતી. ચેમ્બર પાસે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર હોવાથી ખાદીને વૈશ્વિક સ્તરે પ્રમોટ કરવા માટે ફેશન શો, એકઝીબીશન અને કોન્કલેવ કરી શકાશે. ખાદી ઉદ્યોગના કલસ્ટર ડેવલપ કરવા માટે પણ ચેમ્બર દ્વારા પૂરતો પ્રયાસ કરવામાં આવશે તેવી તૈયારી પ્રમુખશ્રીએ મંત્રીશ્રી સમક્ષ બતાવી આ અંગે તેમની સાથે મહત્વની ચર્ચા વિચારણા કરી હતી.